RAJKOT MUNICIPAL CORPORATION

Smart City

Fire And Emergency Services

Dr. Ambedkar Bhavan, Dhebar Road, Rajkot – 360 001. Phone N0. (0281) 2227222.

RMC/RFES/Pro.Buil./NOC/NO/44/2021.

Date.17.04.2021.

To,

Owner Shree Hardik Pravinbhai Pujara & Others Partners,
Project Name: - Proposed - 01-Building,
Location :- Shiv Drushti Park, Mavdi,
Rajkot.

Sub. :-Fire Safety & Protection Opinion for a Proposed Building.
Height of Building: - 20.80 M. Total Plot Area = 540.90 sq.mt.
Ref. :-R.M.C.F.B.E.PRO.NO.27, DATE:-05.04.2021.

This is to intimate that the plans submitted for **Name of Work: - Proposed Mercantile-1 + Dwelling-3 – Commercial + Residential Building Plan for Owner Shree Hardik Pravinbhai Pujara & Others Partners, Project Name: - Proposed - 01-Building, Location :- Shiv Drushti Park, Mavdi, Rajkot, Type of Plan :-Frame Structure, Use of Building:- Commercial (Mercantile-1) + Residential (Dwelling-3), Plot No.111+112+113+114, Rev.Sr.No.19, Area Table: -Basement + G.F. + 1st to 6th + Terrace, F.S.I. Used = 1455.87 / 540.90 = 2.69 < 2.70.** Have all the required line drawings and write-up required for the opinion are as per the requirement of fire prevention and protection.

All Norms as per the CGDCR & The Gujarat Fire Prevention and Life Safety Measures Regulation-2016 have to be followed as per as the Construction and Providing Fire Prevention and Protection System are to be followed.

Motor able road with 40 ton land bearing capacity and **3** meter wide is required around the building without obstruction & clear motor able passage for fire Rescue Vehicle.

Moreover it is required that all the staircases of the Building shall be ventilated above the parapet wall at each floor level and shall be **1.5** Meters clear in width.

The Building should have fire protection system as per approved plans.

Basement Parking + Ground Floor & First Floor Shop Area shall be fully sprinklered.

Ground Floor + First Floor Shop Area Fire Smoke Detector System.

The gate (entry) to the premises shall be minimum **6** meters or more if required in width entry gate to be provided on both sides.

After the Building is Built and required Fire safety and Protection System have been installed and after due inspection by the fire service officer an N.O.C. can be issued.

DY. Chief Fire Officer
Fire & Emergency Services
Rajkot Municipal Corporation

Rajkot Municipal Corporation — Fire and Emergency

Chief Fire Officer
Fire & Emergency Services
Rajkot Municipal Corporation

D:\Y-2021-2022 Fire NOC Date-01.04.2021 To Date-31.03.2022\Proposed Fire H.B NOC 2021 2022\1 2 3 5 6 7 Floor F Pro.NOC 2021 2022/27 Hardik P Pujara & Others 2021

આ કચેરીના હુકમ નાં એનએ - લેરેકોક - ૯૫

જા નં એનએ- લેરેકોક-૧૨૮

કેસ નં. ૦૧-૦૨ તા. ૨૯-૩-૦૨ સાથેનું જોડાણ

પરિશિષ્ટ. ૧

૧. વાદગ્રસ્ત જમીનના ખેતીલાયક આકાર કમી કરી બીન ખેતીનો દર ચોરસ મીટરે ૦ = ૧૨ પૈસા મુજબ પ્રતિ અરજદારે સરકારશ્રીને ભરવાનો રહેશે.

૨. આ બીનખેતીની જમીન જીલ્લા નિરીક્ષણશ્રી જમીન, દફતરથી માપણી કરવામાં આવશે. અને માપણી થયા પછી જે જમીનના ક્ષેત્રફળની વધઘટ થશે તે મુજબ બીનખેતીનો આકાર ભરવાનો રહેશે. ક્ષેત્રફળના વધઘટના સુધારાનો હુકમ અત્રેથી કાઢવામાં આવશે અને તે પ્રમાણે સનંદમાં પણ સુધારો કરવામાં આવશે ઉપરાંત હિસ્સા ફોર્મ ૪ પ્રમાણે સનંદમાં હિસ્સાની નોંધ કરવામાં આવશે. જો માપણી થયા બાદ કોઇ સરકારી જમીનનું દબાણ જણાશે તો તેને આ મંજુરીની કોઇ અસર થશે નહી. અને તે બાબતમાં લેન્ડ રેવન્યુ કોડ કલમ અને રૂલ્સ અનુસાર ધોરણસરની કાર્યવાહી થઇ શકશે.

૩. અરજદારે માપણી ફી ભરવી પડશે અને લે આઉટ મુજબ સ્થળ ઉપર હદ નિશાન ઉભા કરવા પડશે.

૪. સરકારશ્રી તરફથી લાગુ કરવામાં આવેલ લોકલ ફંડ એજયુકેશન શેષ વિગેરે ઇતર વેરાની રકમ પણ સરકારશ્રીને ભરવાની રહેશે.

૫. હુકમમા અગર સનંદમાં કોઇ કારકુની અથવા ગણતરીની ભુલ હશે તો તેમા સુધારો થઇ શકશે.

૬. સૌરાષ્ટ્ર ઘરખેડ ટેનન્સી સેટલમેન્ટ એન્ડ એગ્રીકલ્ચરલલેન્ડ ઓર્ડીનન્સ ૧૯૪૯ જે વિસ્તારને લાગુ છે, તેમા કરવામાં આવેલ જોગવાઇઓને આ મંજુરી આધીન છે.

૭. સને ૧૯૪૭ના મુંબઇના ખેતીની જમીનના ટુકડા પડતાં અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવાની બાબતમાં અધિનીયમની જોગવાઇને આ મંજુરી આધીન છે.

૮. આ જમીનનો ફકત રહેણાંક હેતુ માટે ઉપયોગ કરવાની છે આ સિવાયની કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી લીધા સીવાય બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવાની લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮/૪ નીચે મનાઇ કરવામાં આવે છે.

૯. મંજુર થયેલ લે આઉટ પ્લાનમાં બતાવ્યા પ્રમાણે સાર્વજનીક હેતુ માટે અને જાહેર રસ્તા માટે ખુલ્લી જમીન મુકવાની રહેશે અને આ જમીનમાં અરજદાર આંતરિક રસ્તા કરવા અને આ જમીનને જાહેર માર્ગ સાથે સાંકળવા એપ્રોચ રોડ કરવા પડશે અને તૈયાર થયા પછી જાળવવા પડશે અને આ તમામ ખર્ચ અરજદારે કરવુ પડશે. અરજદારે ગટર તથા પાણીની તથા દિવાબતીની વગેરેની સગવડ કરવી પડશે અને જાળવવા પડશે અને તમામ ખર્ચ અરજદારે ભોગવવાનું રહેશે. જયા સુધી મ્યુનીસીપાલીટી અગર તો પંચાયત આવી જવાબદારી સંભાળી લે નહી ત્યા સુધી અરજદારે આ ખર્ચ ભોગવવું પડશે. આ જમીન મ્યુનીસીપાલીટી અથવા પંચાયત લે ત્યારે આ જમીનનું અરજદારોને કંઇ વળતર મળશે નહી. આ જમીનનો બીનખેતીનો આકાર ભરવો પડશે. જયા સુધી મ્યુનીસીપાલીટી અથવા તો પંચાયત આ જમીન સંભાળી લે નહી ત્યા સુધી આકાર ભરવાનો રહેશે.

૧૦. મંજુર થયેલ પ્લાનમાં બતાવ્યા પ્રમાણે જ જમીન ઉપર બાંધકામ કરવાનું છે, અને પ્લોટની બાકીની જમીન ખુલ્લી જગ્યા તરીકે મુકી દેવાની છે. પ્લાનમાં જણાવ્યા પ્રમાણેના માર્જીન બાંધકામ કરતી વખતે રાખવાના છે.

૧૧. મંજુર થયેલ પ્લાન મુજબ ચણતર કામ કરવાનું છે. અત્રેથી પ્રથમ લેખીત મંજુરી મેળવ્યા સીવાય પ્લાનમાં તેમજ બાંધકામમાં કોઇ પ્રકારનો વધારો તથા ફેરફાર કરી શકાશે નહી.

૧૨. જે બાંધકામ કરવામાં આવે તે રાજયના રેખા નિયમ (રીબન ડેવલપમેન્ટ રૂલ્સ) અને રાજયના મકાન બાંધકામના નિયમ (બીલ્ડીંગ રેગ્યુલેશન) ને આધીન રાખીને કરવું.

૧૩. પરવાનગી હુકમની તારીખથી છ માસની અંદર બાંધકામ શરૂ કરવું પડશે, અરજદાર જો તેમ કરવામાં નિષ્ફળ જાશે તો દંડ અને બીનખેતીનો આકાર શીક્ષા તરીકે તેમની પાસે વસુલ કરવામાં આવશે.

૧૪. બાંધકામ શરૂ કરવામાં આવે કે તરત જ અરજદારે લેખીત નિવેદનથી તલાટી મારફત મામલતદારશ્રીને એક માસની અંદર જણાવવું. અરજદાર જો તેમ કરવામા નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર તેમની પાસેથી શીક્ષા તરીકે વસુલ કરવામાં આવશે.

૧૫. બાંધકામ શરૂ કરવામાં આવે કે તરત જ અરજદારે લેખીત નિવેદનથી તલાટી મારફત મામલતદારશ્રીને એક માસની અંદર જણાવવું . અરજદાર જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર શીક્ષા તરીકે તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૬. અરજદારે સનંદ ફોર્મ ''એમ'' અને ''એમએમ'' માં મામલતદારશ્રી સમય નીયુકત કરે તે સમયમાં ભરી જવુ જો અરજદાર તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર શીક્ષા તરીકે તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૭. પરવાનગી વિરૂધ્ધ બાંધકામ વપરાતા કોઇપણ મકાન અને ઇમલાને કલેકટરશ્રી આ અર્થે જે મુદત દરમ્યાન ખસેડવા અથવા તેમા ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદસર ગણાશે, અને ઠરાવેલ મુદત દરમ્યાન એવી રીતે ખસેડવામાં અથવા તેમા ફેરફાર કરવામાં ન આવે તો કલેકટર તેમ કરવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલના બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

૧૮. આ કચેરીના હુકમમાં જણાવ્યુ છે તે સીવાય આ મંજુરી લેન્ડ રેવન્યુ કોડની જોગવાઇ આધીન રહેશે.

૧૯. આ મંજુરીને જે જે ઉપર જણાવ્યા પ્રમાણે શરતો લાદવામાં આવે છે તે પૈકી કોઇપણ શરતોનો અરજદાર ભંગ કરે તો લેન્ડ રેવન્યુ કોડ પ્રમાણે અરજદાર જે કોઇ શીક્ષા પાત્ર હોય તે ઉપરાંત કલેકટરશ્રી જે કાંઇ દંડ અને બીનખેતીનો આકાર શીક્ષા તરીકે વસુલ લેવા ઠરાવે તે અરજદારે ભરવો પડશે.

૨૦. આ મંજુરીને જે જે ઉપર જણાવ્યા પ્રમાણેની શરતો લાદવામા આવેલ છે તે પૈકી કોઇપણ શરતોનો અરજદાર ભંગ કરે તો અરજદારને કલેકટરશ્રી જે કંઇ દંડ અને બીનખેતીના આકારની શીક્ષા કેરે તે ઉપરાંત મંજુરી પણ રદ કરી શકાશે અને સનદ જો અપાઇ ગયેલ હોય તો પણ રદ કરી શકશે.

૨૧. આ ઉપરાંત વિશેષ શરતો આ સાથે જોડેલ પરિશિષ્ટ - ૨ મુજબની લાગુ પાડવામાં આવે છે.

૨૨. બીનખેતીમાં ફેરવાયેલ જમીનના જે હેતુ માટેનું બાંધકામ પુરૂ થયે તે માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધીકારીને કબજેદારે કરવાની રહેશે.

સહી-
(મા. સેન. ૫૨૯)
કલેકટર
રાજકોટ જીલ્લા, રાજકોટ.

રવાના કર્યુ :

મામલતદાર
...

આ કચેરીના હુકમ નાં એનએ - લેરેકોક - ૬૫

ના એનએ - લેરેકોક - ૬૫ -

કેસ નં. ૯૨૮/૦૯-૦૨ ...... તા. ૨૮-૩-૦૨ .... સાથેનું જોડાણ

પરિશિષ્ટ. ૨

ખેતીની જમીન બીનખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવા પરવાનગી જમીનના ધારણ કરનારાઓ જયારે માંગે ત્યારે તેઓએ પાલન કરવાનાં થતા રાજકોટ જીલ્લાના કલેકટરશ્રીને લેન્ડ રેવન્યુ રૂલ્સના વહીવટી હુકમ ૨૪ (એ) નીચે નકકી કરેલ મકાન બાંધકામના નિયમો અને અનુસરવાની થતી કાર્યવાહી માટેના નિયમો.

૧. જયારે મોટા વિસ્તારમાં રહેઠાણના વસવાટ કોલોની માટે ઉપયોગમાં લેવા માટે દરખાસ્ત કરવામાં આવે ત્યારે અરજદારે જમીનના લે આઉટમાં તેની અરજી સાથે સામેલ રાખવો ફરજીયાત છે નહીતર તેની ખેતીની જમીન બીનખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવા પરવાનગી માટેની અરજી સંઘરવામાં આવશે નહી.

૨. દરેક મકાનની પ્લોટ અને દરેક મુખ્ય મકાનને લગતા મકાનોવાળા પ્લોટના ક્ષેત્રફળ કરતા ૬૦ ટકા ક્ષેત્રફળ કરતા ઓછી નહી તે રીતે ઓછામાં ઓછી ખુલ્લી જગ્યા રાખવાની છે.

૩. જો પ્લોટનું ક્ષેત્રફળ ૫૪૦૦ ચો. ફુટ કરતા ઓછુ નહી હોય તો કુલ ૩ માળી ''એક જમીન ઉપરનો અને બે ઉપરના માળ'' માટેની પરવાનગી અને બે ઉપરના માળ માટેની પરવાનગી આપવામાં આવશે જો પ્લોટનું ક્ષેત્રફળ ૫૪૦૦ ચો. ફુટ કરતા ઓછુ હશે તો કુલ બે માળ (એક જમીન ઉપરનો અને એક ઉપરનો માળ) માટેની પરવાનગી આપવામાં આવશે જયા પ્લોટના ક્ષેત્રફળ ૬૦ ટકા કરતા ઓછી નહી તેટલી જગ્યા રાખવાનું નકકી કરેલ છે જયા બે માળ માટેની પરવાનગી આપવામાં આવશે.

૪. રેલ્વે હદથી ૧૦૦ ફુટની અંદર મકાનનું ચણતર કરવાની પરવાનગી આપવામાં આવશે નહી સિવાય કે રેલ્વે સતાવાળાઓ પાસેથી નો ઓબજેકશન સર્ટીફીકેટ મેળવીને અરજી સાથે રજુ કરવામા આવે.

૫. એરોડ્રામની હદથી ૧ માઇલના વર્તુળમાં મકાનનુ ચણતર પરવાનગી આપવામાં આવશે નહી સીવાય કે સીવીલ એવીયેશન ખાતા પાસેથી (નો ઓબજેકશન સટીકીકેટ) મેળવીને અરજી સાથે રજુ કરવામાં આવશે.

૬. જો અરજદાર તેની અરજી સાથે સાઇટ પ્લાન અને એલીવેશન સેકશન એલીવેશન ડીટેઇલ્ડ બીલ્ડીંગ પ્લાન સ્કેલથી તૈયાર કરેલા મોકલશે નહી તો જમીનનો રહેણાંકનો મકાનનો હેતુ ઉપયોગમાં લેવા સક્ષમ ગણાશે નહી.

૭. મકાનનું બાધકામ કરવા માટે જેવી શરતથી પરવાનગી આપવામાં આવશે કે કબજેદાર ડેવલપમેન્ટ સ્કીમ અનુસાર રસ્તો તૈયાર કરીને અથવા ચાલુ અસ્તીત્વમાં રસ્તા યોગ્ય જવા આવવાના રસ્તા માટે વ્યવસ્થા કરે.

૮. સામાન્ય રીતે બાંધવાનું દરેક મકાનનું મૂળ રસ્તા પર રહેશે.

૯. મુખ્ય રસ્તાઓ સીવાયનાં બીજા રસ્તાઓના હદથી ૧૫ ફુટની અંદર મકાનનું બાંધકામ કરવુ નહી.

૧૦. ચાલુ દરેક દિશામાં ૧૦૦ ફુટ કરતા વધારે માપની નથી એ રીતે બાંધવાની રહેશે.

૧૧. જે પ્લોટ રસ્તાઓ સમીપ આવેલા છે તેમાં રાજયના જમીન પટી વિકાસ અટકાવવા માટે બાંધકામ અને નિયંત્રણ રેખાના નિયમો (રીબન ડેવલપમેન્ટ રૂલ્સ) માં નકકી કરવામાં આવેલ અંતરની અંદર મકાનનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

૧૨. પ્લોટની હદથી (પરીમીટરથી) ૧૦ ફુટની અંદર મકાનનું બાંધકામ કરવુ નહી.

૧૩. મુખ્ય મકાનને જોડેલ અને એક બાજુની પેરાપેટ દિવાસ સીવાય ત્રણ બાજુથી ખુલ્લો વાહન રાખવા માટેનો ઢાંકયા વગરનો પોર્ચ, પાછળની ખુલ્લી જગ્યા સીવાય કોઇ એક જગ્યામાં કરવાની નીચેની શરતોને આધીન રહીને પરવાનગી આપવામાં આવશે.
એ. મુખ્ય મકાનને પોર્ચ સમાંતર હોવો જોઇએ અને તે ૧૦ કરતા પહોળી ૧૨ ફુટ કરતા લાંબો ઉંચાઇના એક માળ કરતા વધારે હોવો જોઇએ નહી.

OFFICE OF TH
GUJARAT ST

(૫)

બી. પ્લોટની તે બાજુની હદ પોર્ચ વચ્ચે ઓછામાં ઓછી ૫ ફુટની જગ્યા રાખવી જોઇએ.

સી. પોર્ચનો ઉપલો ભાગ ટેરેસ તરીકે વાપરી શકશે નહી.

ડી. પ્લોટના બાંધકામ થયેલ ક્ષેત્રફળની ગણતરી વખતે પોર્ચથી ઢંકાયેલ વિસ્તારનું ક્ષેત્રફળ ગણતરીમાં લેવામાં આવશે નહી.

૧૪. જયારે પ્લોટમાં એક કરતા વધારે મકાનો હોય ત્યારે દરેક મુખ્ય મકાન અલગ પ્લોટમાં છે. તેમ ગણીને દરેક મકાનને ફરતા તે જ મારજીન પ્રમાણે ખુલ્લી રાખવાની છે.

સીવાય કે પ્લોટની પાછળની બાજુમાં મુખ્ય મકાનથી અલગ અને તેના માટેના એક માળની જમીન ઉપર સંડાસ અથવા બહારના ઘર આઉટ હાઉસ એક માળની ''જમીન ઉપરના'' કે જેમા મદદરૂપ સગવડતાઓ માટેના જેવાકે મોટર ગેરેજ નોકરોના મકાન, રસોડુ છે સ્ટોરરૂમ, બાંધવા માટેની પરવાનગી આપવામાં આવશે.

૧૫. રહેણાંકના મકાનોના કીસ્સામાં જમીનમાં સામાન્ય લેવલથી ઓછામાં ઓછા ૨ ફુટ ઉપરની પ્લીન્થ હોવી જોઇએ.

૧૬. રહેણાંકના ઉપયોગ માટે લેવાતા રૂમની કોઇપણ એક બાજુ ૧૦ ફુટ કરતા ઓછી હોવી જોઇએ નહી. આવા દરેક રૂમની કોઇપણ એક બાજુ તેની પુરી લંબાઇ સાથે ફરતી ખુલ્લી જગ્યા ઉપર હોવી જોઇએ. રહેણાંકના રૂમની સપાટીનું ક્ષેત્રફળ ૧૪૪ ચો. ફુટ કરતા ઓછુ હોવુ જોઇએ નહી.

૧૭. મુખ્ય મકાનની બાજુમાં અથવા પાછળ સંડાસ કરવા જોઇએ અને તેની ૧૦ ફુટ કરતા ઓછી નહી તેવી અંતરે જોઇએ સંડાસ પડોશીને નુકશાનકારક હોવા જોઇએ નહી. કુવાથી ૩૦ ફુટની અંદરની અંતરે સંડાસ હોવા જોઇએ નહી અને જાહેર જનતાની નજરથી ઢાંકેલા હોવા જોઇએ.

૧૮. જો નિયમીત અને બરાબર સાફ કરવા માટેની કોઇ વ્યવસ્થા અસ્તીત્વમાં નહી હોય તેવા દટણ જાંજરૂનું (સેસપુલ) નું ચણતર કરવા માટેની પરવાનગી આપવામાં આવશે નહી.

૧૯. કુવાથી ૧૦૦ ફુટની અંદર દટણ જાંજરૂ, (સેસપુલ) બનાવવું નહી અને વાપરવુ નહી.

૨૦. મળમુત્ર એકત્રીત કરવા માટે કાંઇપણ ખાળકુવો અથવા કોઠી ઉપયોગમાં લેવી નહી.

૨૧. રહેણાંક કોઇપણ મકાનમાં ઢોર રાખવુ જોઇએ નહી તબેલો અથવા ઢોરનું છાંપરૂ રહેણાંકના મકાનથી ૧૦ ફુટની અંદર ચણવુ નહી.

૨૨. દરેક મકાનનું ચણતર પાકું હોવુ જોઇએ અને તેઓના ચણતરમાં સહેલાઇથી સળગી ઉઠે તેવા પદાર્થો વાપરવા નહી.

૨૩. જયા દુકાનનું બાંધકામ કરવાનું હોય ત્યા રસ્તાની હદ અને દુકાન વચ્ચેની જગ્યા સખ્ત પદાર્થ જેવાકે મેટલ, મોરમ, લેવલ અને રોલ કરીને અને મજબુત બનાવીને તૈયાર કરવી જોઇએ.

૨૪. કલેકટરશ્રીની અગાઉથી લેખીત પરવાનગી સીવાય કે મકાનના ફેરફાર અથવા વધારો કરી શકશે નહી.

૨૫. પ્લોટના વિભાજન અથવા ટુકડા પાડી શકશે નહી, કારણકે પ્રત્યેક પ્લોટ સરવે નંબરની પેટા વિભાગ સબ ડીવીઝન છે.

૨૬. રસ્તા તરફના મારજીન વિસ્તારમાં કંપાઉન્ડની દિવાલ ૩।। ફુટ કરતા ઉચા હોવા જોઇએ નહી. અને તે ખસેડવાની જરૂરીયાત ઉભી થશે ત્યારે આવી દિવાલ ખસેડી શકાશે અને તે માટે કોઇપણ જાતના વળતર માટે દાવો થઇ શકશે નહી.

૨૭. મકાનના પ્લોટ અંદરના ચોકથી રોકાયેલ વિસ્તાર બાંધકામ નહી થયેલી ખુલી જગ્યા તરીકે ગણી શકાશે નહી.

સહી-
(મ. રતન પટેલ)
કલેકટર
રાજકોટ જીલ્લા, રાજકોટ.

રવાના કર્યુ :

નાયબ મામલતદાર
બિનખેતી, રાજકોટ

કલેકટર કચેરી
રાજકોટ જિલ્લા

રજી. નં. ૧૫૯૪

-: ખરી નકલ :-

નકલ માંગનાર..... [illegible]

અરજી કર્યાની તારીખ..... ૩૦.૧.૨૦૧૪

કચેરીમાં અરજી મળ્યા તારીખ..... —/—

અરજી તૈયાર કર્યા તારીખ..... ૩૧.૧.૧૪

ખરી નકલ આપવામાં આવી તા..... ૩/૨/૧૪

ખરી નકલનાં પાનાની સંખ્યા..... ૧૨

રૂ. પૈ.

નકલ ફીની રકમ રૂ..... ૧૨

મુકાબલા ફીની રકમ રૂ..... ૧૨

રેકર્ડ શોધવાની ફી રૂ..... —

કાગળ ફી રૂ..... ૨

કુલ રૂ. ૨૬

નકલ તૈયાર કરનારની સહી

નકલ મુકાબલો કરનારની સહી

કલેક્ટર વતી,
રાજકોટ જીલ્લા

OFFICE OF THE COLLECTOR RAJKOT DIST.
GUJARAT STATE

નાં. એનએ-લેરેકોક-૬૫-કેસ નં. ૧૨૮/૨૦૦૧-૨૦૦૨

(૫)

કલેક્ટર કચેરી,
બિનખેતી શરતભંગ શાખા,
રાજકોટ
તા. ૧૯-૩-૨૦૦૨

વિષય:- શ્રી પટેલ ઘુસાભાઈ જાદવભાઈ રહે. રાજકોટની રાજકોટ તાલુકાના મવડી ગામના રેવન્યુ સ.નં. ૧૯ પૈકી એ. ૪-૨૨ ગું. જમીન ચો.મી. ૧૮૪૧૩-૦૦ ને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવા બાબત

વંચાણ:-
(૧) અરજદાર શ્રી પટેલ ઘુસાભાઈ જાદવભાઈ રહે. રાજકોટની તા.૧૯-૧-૨૦૦૨ ની અરજી
(૨) આસીસ્ટન્ટ ટાઉન ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટના પત્ર નાં. રા.મ્યુ.કો.-ટા.પ્લાનીંગ-જા.નં. ૨૯૪૯ તા.૨૮-૧-૨૦૦૨ તથા મંજુર કરેલ પ્લાન વર્ગીકરણ નાં. ૨૯૨૬ તા.૨૪-૧-૨૦૦૨
(૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, રાજકોટનાં પત્ર નાં. એલએકયુ-વશી-૭૧/૨૦૦૨ તા. ૨-૨-૨૦૦૨
(૪) નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ) રાજકોટના પત્ર નાં. એલએકયુ-વશી-બી-૫૭/૦૨ તા.૭-૨-૨૦૦૨
(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, ગ્રામ્ય વિભાગ રાજકોટના પત્ર નાં. આઆરડી-ટેક-૧-બીનખેતી- તા. ૧૪-૨-૨૦૦૨
(૬) મામલતદારશ્રી, રાજકોટ તાલુકાના પત્ર નાં. જમન-વશી-૩૨૩/૨૦૦૨ તા.૨-૨-૨૦૦૨
(૭) કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર મા.મ. વિભાગ, રાજકોટના પત્ર નાં. સીબી-બીનખેતી-૬૮ તા.૪-૨-૨૦૦૨
(૮) નાયબ કલેકટરશ્રી, રાજકોટના પત્ર નાં. પ્રાક-જમન-૧-વશી-૭૩/૨૦૦૨ તા.૭-૩-૨૦૦૨
(૯) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજકોટના પત્ર નાં. આરોગ્ય-ડીએસઆઈ-૭૭ તા.૨-૨-૨૦૦૨
(૧૦) સરકારશ્રીના મહેસૂલ વિભાગના પરિપત્ર નાં. એલઆરસી-૧૦૯૩-૯૨૮-ક તા.૫-૭-૯૩ થી રૂપાંતર કર તથા બિનખેતી આકારો નકકી થયા છે તે

OFFICE OF THE COLLECTOR * GUJARAT STATE

કલેક્ટર કચેરી રાજકોટ જિલ્લા

-:: હુકમ ::-

રાજકોટ તાલુકાના મવડી ગામના ખાતેદાર શ્રી પટેલ ઘુસાભાઈ જાદવભાઈએ તેમના ગા.ન.નં. ૮-અના ખાતા નાં. ૧૪ ની સીમ જમીન સ.નં. ૧૯ પૈકી એ. ૪-૨૨ ગું. જમીન ચો.મી. ૧૮૪૧૩-૦૦ ને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવવા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ તળે અત્રેને અરજી વંચાણ-૧ મુજબ રજૂ કરવામાં આવેલ છે. અરજદારની અરજી સબંધમાં સબંધિત ખાતાઓની કચેરીઓના "ના-વાંધા પ્રમાણપત્ર" અને અભિપ્રાય માંગવામાં આવેલ. જે ઉપરોકત વંચાણ-૩ થી ૯ સુધીના દર્શાવેલ પત્રો આવેલ છે. તેમજ બીનખેતી પ્લાન આસીસ્ટન્ટ ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજ તરફથી વંચાણ-૨ ના પત્રથી મંજુર કરેલ છે.

આમ ઉપરોકત વંચાણ-૩ થી ૯ સુધીના દર્શાવેલ તમામ પત્રોનું અવલોકન કરતાં સ જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા બધાના અભિપ્રાય થઈ આવેલ હોઈ સવાલ રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા કોઈ હરકત સરખું જણાતું નથી. સબબ, રાજકો

મવડી ગામના રેવન્યુ સ.નાં. ૧૯ પૈકી જમીન એ. ૪-૨૨ ગું. ચો.મી. ૧૮૪૧૩-૦૦ ને લે.રે.કોડ કલમ-૬૫ અનુસાર અમોને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ શરતોને આધિન રહીને બીનખેતીમાં ફેરવવા આથી પરવાનગી આપવામાં આવે છે અને તે સાથેના વંચાણ-૨ વાળો લે-આઉટ પ્લાન પણ આથી મંજુર કરવામાં આવે છે.

આ બીનખેતી હુકમ કોઈ અલગ પ્રકારના માલિકી હકક અંગેના ટાઈટલનું પ્રમાણપત્ર નથી. જેથી આ જમીન પરત્વેના ટાઈટલ અંગેના વિવાદો કે અપૂર્ણતાઓ રહી જવા પામેલ હોય તો તે આ હુકમને બંધનકર્તા રહેશે નહીં. ટાઈટલ-માલિકી હકક પરત્વેની પૂર્તતા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી કરાવી લેવાની રહેશે.

સવાલવાળી આ ખેતીની જમીનને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવવા કુલ જમીન ચો.મી. ૧૮૪૧૩-૦૦ દર ચો.મી. એકના રૂા. ૫-૦૦ પૈ. લેખે રૂપાંતર કરની રકમ રૂા. ૯૨,૦૬૫-૦૦ અંકે રૂપીયા બાણું હજાર પાંસઠ પુરા સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, રેઈષ કોર્સ રોડ બ્રાંચ, રાજકોટમાં ચલન નં. [illegible] તા.૧૩ -૩-૨૦૦૨ થી જમા કરાવીને અસલ ચલન અત્રેને રજૂ કરવામાં આવેલ છે. જે કેસ ફાઈલે સામેલ રાખવમાં આવેલ છે. સવાલવાળી જમીન બિનખેતીમાં ફેરવવામાં આવે છે. તે માટે નીચેની શરતો ખાતેદાર તથા ઉત્તરોત્તર જમીન કે મકાન ખરીદનારાઓને લાગુ પડશે.

-:: શરતો ::-

(૧) સવાલવાળી ગામ મવડીની જમીન સ.નં. ૧૯ પૈકી એ. ૪-૨૨ ગું. જમીન ચો.મી. ૧૮૪૧૩-૦૦ ને ફકત રહેણાંકના હેતુ માટે જ બિનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવામાં આવે છે. રહેણાંકના હેતુ સિવાય અન્ય ઉપયોગ થઈ શકશે નહીં.

(૨) સવાલવાળી જમીનના મંજુર કરેલ લે-આઉટ પ્લાનને અનુરૂપ ડીટેઈલ્ડ બિલ્ડીંગ પ્લાન તથા સાઈટ એલીવેશન પ્લાન આ હુકમ મળ્યાની તારીખથી ત્રણ માસની અંદર અરજદારશ્રીએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ પાસે મંજુર કરાવવાના રહેશે અને બે વર્ષમાં બાંધકામ પુરુ કરવાનું રહેશે.

(૩) આ હુકમ સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટ-૧ તથા પરિશિષ્ટ-૨ ની સમગ્ર શરતો તથા બાબતો આ હુકમને લાગુ પાડવામાં આવે છે. જેથી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં અરજદારશ્રીએ જિલ્લા નિરિક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટની કચેરીમાં સવાલવાળી જમીનની માપણી ફી ભરી માપણી કરાવી માપણી શીટની નકલ અત્રેને રજૂ કરવાની રહેશે.

(૫) સાર્વજનિક પ્લોટ તરીકે અનામત રાખવામાં આવેલ જગ્યાનો ઉપયોગ સાર્વજનિક હેતુ માટે જ થઈ શકશે. તે સિવાય વ્યક્તિગત ઉપયોગ માટે વેચાણ, ગીરો, બક્ષીસ કે હરરાજી કે અન્ય કોઈ પણ પ્રકારના વેચાણ વ્યવહાર થઈ શકશે નહીં.

(૬) સવાલવાળી જમીનના આંતરીક રસ્તાઓ, ગટરો, વિજળી વગેરે સુવિધાઓ અરજદારે પોતાના ખર્ચે નિયમોનુસાર તૈયાર કરાવી આપવાના રહેશે અથવા તો આ અંગે ધારાધોરણે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ડેવલોપમેન્ટ ચાર્જ ભરવાનો રહેશે.

(૭) આ હુકમની શરત નં.૪ નું પાલન થયે તેમજ અપીલ પીરીયડ પુરો થયા બાદ સનદ નિયત નમૂનામાં મામલતદારશ્રી, રાજકોટ તાલુકાએ તૈયાર કરી અત્રે મોકલી આપવાની રહેશે.

(૮) **સદરહુ જમીન ઉપર બાંધકામ કરતાં પહેલાં બાંધકામ અંગેના લે-આઉટ પ્લાન સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવવાના રહેશે.**

(૯) સરકારશ્રી તરફથી વખતોવખત નકકી થાય તે દરે બિનખેતી આકાર ભરવાનો રહેશે.

(૧૦) સવાલવાળી જમીનને પ્રવેશ લાગુ બિનખેતી થયેલ જમીનના રસ્તા પરથી મળે છે. સદર રોડની હૈયાતિ, વર્ગીકરણ, બાંધકામ, રેખા, નિયંત્રણ રેખા બાબતે જે તે સબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે તેમજ અધિકૃત પ્રવેશ પણ મેળવી લેવાનો રહેશે.

(૧૧) લાગુ બિનખેતી થયેલ જમીનમાંથી પ્રવેશ મેળવેલ હોય તે જમીન માલિકની પ્રવેશ અંગેની સંમતિ મેળવવાની રહેશે. તેમજ સ્થળ પર લાગુ રસ્તાઓ આવતા હોય તો તે પણ મેળવી લેવાના રહેશે તથા તે અરજદારોને તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે.

(૧૨) નવા બનતા દરેક મકાનમાં પુરતાં પ્રમાણમાં પાણી બંધ જાજરૂ બનાવવાના રહેશે.

(૧૩) નવા બનતા દરેક મકાનમાં પીવાના પાણીની વ્યવસ્થા સાર્વજનિક ધોરણે કરવાની રહેશે.

(૧૪) નવા બનતા દરેક મકાનમાં ગંદા પાણીના નિકાલની પાકી ગટરો બનાવવાની રહેશે.

(૧૫) નવા બનતા દરેક મકાનમાં નિયમિત સાફ-સફાઈ કરવાની રહેશે.

(૧૬) અંદરના તથા બહારના રસ્તાઓ સમથળ કરવાના રહેશે.

(૧૭) સરકારશ્રીના વખતોવખતના બદલાતાં નિયમો લાગુ પડશે.

(૧૮) નવા બનતા દરેક મકાનમાં હવા ઉજાસ માટે ક્રોસ વેન્ટીલેશન મુકવાના રહેશે.

(૧૯) નવા બનતા દરેક મકાનમાં ઉદ્યોગની સ્થાપના કરવી નહીં, હેતુફેર થયે ફરીથી અભિપ્રાય લેવાનો રહેશે.

(૨૦) સાર્વજનિક-સહિયારા કોમન પ્લોટ, લોડીંગ-અનલોડીંગ વગેરે માટેની સરકારશ્રીએ વખતોવખત નકકી કર્યા મુજબના ક્ષેત્રફળની જગ્યા સાર્વજનિક હેતુ માટે અલગ રાખવાની રહેશે.

(૨૧) સહીયારી કોમન પ્લાન અને રસ્તાની જમીન સોસાયટીની એટલે કે બધાની સહીયારી માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરોની સહીયારી માલિકીની ગણાશે. તે ઉપર મુળ માલિકનો કોઈ હકક રહેશે નહીં.

(૨૨) બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીની એટલે કે બધાની સહીયારી ઉપયોગ માટે કલબ, ઓફિસનું મકાન, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના ૧:૬ જેટલા ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા માટે હોલ્ડરો ઈચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકે છે.

(૨૩) ઉપર-૨૧ માં જણાવ્યા સિવાયના કોઈ પણ હેતુ માટે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકશે નહીં.

(૨૪) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરરાજી, બક્ષીસથી કે અન્ય કોઈ પણ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહીં.

(૨૫) સાર્વજનિક પ્લોટ રસ્તા સહિતની સમગ્ર જમીનનો બિનખેતી આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદાર અને પ્લોટ વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

(૨૬) કોમન પ્લોટ અને રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બિનખેતી આકાર કમી કરવાનો થાય છે તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીના રહીશોને કરવાનો રહેશે.

(૨૭) મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સરકારશ્રી દ્વારા ફેરફાર સૂચવવામાં આવે તો તે બંધનકર્તા રહેશે.

(૨૮) સવાલવાળી જમીનમાં એપ્રોચ જવા માટે રસ્તાઓ અંગેની વ્યવસ્થા અરજદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૨૯) સરકારશ્રીમાંથી આ બાબતે વખતોવખત સુધારા થાય તે મુજબની શરતો લાગુ પડશે.

(૩૦) સરકારશ્રીના મહેસૂલ વિભાગના પરિપત્ર નાં. બખપ-૧૦૮૨-૩૨૦૧-ક તા.૬-૬-૧૯૮૮ થી સીવીલ એરોડ્રોમ માટે નકકી કર્યા મુજબ ૨ કિ.મી.ની મર્યાદામાં આવતો આ વિસ્તાર હોય તો જમીનમાં બાંધકામ પ્લાન વખતે એવીએશન ખાતાની નેશનલ એરપોર્ટ ઓથોરીટીની મંજુરી મેળવવાની રહેશે.

(૩૧) સવાલવાળી જમીન બાબતમાં કોઈ પણ નામ. કોર્ટમાં કે અન્ય કોઈ જ સક્ષમ ઓથોરીટી સમક્ષ કોઈ પણ પ્રકારનો કોઈ કેસ ચાલતો હશે કે વિવાદ હશે તો તે અરજદારોને તથા ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે.

(૩૨) આ બધી કે કોઈ પણ શરત અગર તે સાથેના પરિશિષ્ટોની કોઈ પણ એક શરત કે બધી શરતોનો ભંગ માલુમ પડયે લે.રે.કો.ક. હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે.

(૩૩) સવાલવાળી જમીનનો બિનખેતી આકાર દર ચો.મી. એક ના ૦-૧૨ પૈસા મુજબ તા.૧-૮-૨૦૦૧ થી લેવાનો રહેશે અને મંજુર કરેલ લે-આઉટ પ્લાન મુજબ વિગતવાર બીનખેતી આકાર પ્લોટવાઈઝ આ સાથેના પત્રક-૧ મુજબ મુકરર કરવામાં આવે છે.

(૩૪) લે-આઉટ પ્લાન આસીસ્ટન્ટ ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટએ તેમના વર્ગીકરણ નાં. ૨૯૨૬ તા.૨૪-૧-૨૦૦૨ થી મંજુર કરેલ છે તેની શરતો અને બાંધકામના પ્રવર્તમાન નિયમો અને જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપરોકત બિનખેતી આકારની નોંધ ગામ તથા તાલુકા દફતરે તેમજ સનદમાં કરવાની રહેશે. સનદ નમૂના "એમ" તથા "એમએમ" માં મામલતદારશ્રી, રાજકોટ તાલુકાએ અપીલ પીરીયડ પુરો થયા બાદ તૈયાર કરી અત્રે મોકલી આપવાની રહેશે.

ગામ તથા તાલુકા દફતરે દાખલો રાખવો.

સહી/- (પી.એન. પટેલ)
કલેક્ટર
રાજકોટ જિલ્લા

પ્રતિ,
શ્રી પટેલ ઘુસાભાઈ જાદવભાઈ,
C/o. કે.વી. ચૌહાણ - એડવોકેટ,
૫૧૫-ધનરજની બિલ્ડીંગ, ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ (પ્લાન સાથે)

નકલ સાદર રવાના:-
(૧) નાયબ કલેકટરશ્રી, રાજકોટ
(૨) આસીસ્ટન્ટ ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ (પ્લાન સાથે)
(૩) જિલ્લા નિરિક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટ (પ્લાન સાથે)
(૪) સીટી સર્વે ઓફિસરશ્રી, રાજકોટ
(૫) મામલતદારશ્રી, રાજકોટ તાલુકા (હુકમ મુજબ અમલ કરવા)
(૬) તલાટીશ્રી, મવડી c/o. મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા (હુકમ મુજબ અમલ કરવા સારૂ)
(૭) પરિશિષ્ટ-૫ ની ફાઈલે
(૮) આ કચેરીની રેકર્ડ શાખા

રવાના કર્યુ
મામલતદાર
બિનખેતી રાજકોટ જિલ્લા

[illegible] હુકમ ના. અનઅ-લ.ર.ક્રો.ક.-દ૫-કેસ નં. ૧૨૮/૨૦૦૧-૨૦૦૨ તા.૧૯-૩-૨૦૦૨ સાથે જોડવાનું પત્રક-૧

પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા	પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા
૧	૭૬.૧૩	૯.૧૦	૮૬	૫૧.૦૫	૬.૧૦
૨	૪૯.૪૭	૫.૯૦	૮૭	૫૧.૦૫	૬.૧૦
૩	૪૯.૪૭	૫.૯૦	૮૮	૫૧.૦૫	૬.૧૦
૪	૪૯.૪૭	૫.૯૦	૮૯	૫૧.૦૫	૬.૧૦
૫	૪૯.૪૭	૫.૯૦	૯૦	૫૧.૦૫	૬.૧૦
૬	૪૯.૪૭	૫.૯૦	૯૧	૫૧.૦૫	૬.૧૦
૭	૪૯.૪૭	૫.૯૦	૯૨	૫૧.૦૫	૬.૧૦
૮	૪૯.૪૭	૫.૯૦	૯૩	૫૧.૦૫	૬.૧૦
૯	૪૯.૪૭	૫.૯૦	૯૪	૫૧.૦૫	૬.૧૦
૧૦	૪૯.૪૭	૫.૯૦	૯૫	૫૧.૦૫	૬.૧૦
૧૧	૪૯.૪૭	૫.૯૦	૯૬	૫૧.૦૫	૬.૧૦
૧૨	૪૯.૪૭	૫.૯૦	૯૭	૫૧.૦૫	૬.૧૦
૧૩	૪૯.૪૭	૫.૯૦	૯૮	૫૧.૦૫	૬.૧૦
૧૪	૪૯.૪૭	૫.૯૦	૯૯	૫૧.૦૫	૬.૧૦
૧૫	૪૯.૪૭	૫.૯૦	૧૦૦	૧૩૪.૯૪	૧૬.૨૦
૧૬	૪૯.૪૭	૫.૯૦	૧૦૧	૧૩૪.૯૪	૧૬.૨૦
૧૭	૪૯.૪૭	૫.૯૦	૧૦૨	૫૧.૦૫	૬.૧૦
૧૮	૪૯.૪૭	૫.૯૦	૧૦૩	૫૬.૦૫	૬.૧૦
૧૯	૪૯.૪૭	૫.૯૦	૧૦૪	૫૬.૧૪	૬.૭૦
૨૦	૧૩૦.૬૪	૧૫.૭૦	૧૦૫	૫૬.૧૪	૬.૭૦
૨૧	૧૩૪.૯૪	૧૬.૨૦	૧૦૬	૫૬.૧૪	૬.૭૦
૨૨	૫૧.૦૫	૬.૧૦	૧૦૭	૫૬.૧૪	૬.૭૦
૨૩	૫૧.૦૫	૬.૧૦	૧૦૮	૫૬.૧૪	૬.૭૦
૨૪	૫૧.૦૫	૬.૧૦	૧૦૯	૫૬.૧૪	૬.૭૦
૨૫	૫૧.૦૫	૬.૧૦	૧૧૦	૫૬.૧૪	૬.૭૦
૨૬	૫૧.૦૫	૬.૧૦	૧૧૧	૨૦૪.૦૩	૨૪.૫૦
૨૭	૫૧.૦૫	૬.૧૦	૧૧૨	૧૧૯.૬૬	૧૪.૪૦
[illegible]૮	૫૧.૦૫	૬.૧૦	૧૧૩	૧૧૨.૨૯	૧૩.૫૦
[illegible]	૫૧.૦૫	૬.૧૦	૧૧૪	૧૦૪.૯૨	૧૨.૬૦
[illegible]	૫૧.૦૫	૬.૧૦	૧૧૫	૧૧૦.૭૦	૧૩.૩૦
૩૧	૫૧.૦૫	૬.૧૦	૧૧૬	૧૦૪.૭૭	૧૨.૬૦
૩૨	૫૧.૦૫	૬.૧૦	૧૧૭	૯૯.૦૩	૧૧.૯૦
૩૩	૫૧.૦૫	૬.૧૦	૧૧૮	૯૩.૨૯	૧૧.૨૦
૩૪	૫૧.૦૫	૬.૧૦	૧૧૯	૨૦૬.૪૯	૨૪.૮૦
૩૫	૫૧.૦૫	૬.૧૦	૧૨૦	૨૧૩.૪૨	૨૫.૬૦
૩૬	૫૧.૦૫	૬.૧૦	૧૨૧	૯૨.૯૬	૧૧.૨૦
૩૭	૫૧.૦૫	૬.૧૦	૧૨૨	૯૨.૯૬	૧૧.૨૦
૩૮	૫૧.૦૫	૬.૧૦	૧૨૩	૯૨.૯૬	૧૧.૨૦

કચેરીના હુકમ નાં. એનએ-લે.રે.કો.ક.-૬૫-કેસ નં. ૧૨૮/૨૦૦૧-૨૦૦૨ તા.૨૬-૩-૨૦૦૨ સાથે જોડવાનું પત્રક-૧

પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા	પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા
૩૯	૫૧.૦૫	૬.૧૦	૧૨૪	૧૪૮.૮૩	૧૭.૯૦
૪૦	૭૧.૦૯	૮.૫૦	૧૨૫	૧૦૨.૨૩	૧૨.૩૦
૪૧	૬૬.૦૬	૭.૯૦	૧૨૬	૧૮૩.૫૦	૨૨.૦૦
૪૨	૫૧.૦૫	૬.૧૦	૧૨૭	૧૩૮.૫૩	૧૬.૬૦
૪૩	૫૧.૦૫	૬.૧૦	૧૨૮	૧૩૧.૯૮	૧૫.૮૦
૪૪	૫૧.૦૫	૬.૧૦	૧૨૯	૧૦૨.૨૩	૧૨.૩૦
૪૫	૫૧.૦૫	૬.૧૦	૧૩૦	૧૦૨.૨૩	૧૨.૩૦
૪૬	૫૧.૦૫	૬.૧૦	૧૩૧	૧૧૩.૧૨	૧૩.૬૦
૪૭	૫૧.૦૫	૬.૧૦	૧૩૨	૧૪૮.૧૩	૧૭.૮૦
૪૮	૫૧.૦૫	૬.૧૦	૧૩૩	૯૨.૯૬	૧૧.૨૦
૪૯	૫૧.૦૫	૬.૧૦	૧૩૪	૮૮.૩૯	૧૦.૬૦
૫૦	૫૧.૦૫	૬.૧૦	૧૩૫	૯૭.૫૩	૧૧.૭૦
૫૧	૫૧.૦૫	૬.૧૦	૧૩૬	૧૦૫.૪૯	૧૨.૭૦
૫૨	૫૧.૦૫	૬.૧૦	૧૩૭	૧૭૯.૧૨	૨૧.૫૦
૫૩	૫૧.૦૫	૬.૧૦	૧૩૮	૧૪૬.૩૬	૧૭.૬૦
૫૪	૫૧.૦૫	૬.૧૦	૧૩૯	૧૦૯.૩૭	૧૩.૧૦
૫૫	૫૧.૦૫	૬.૧૦	૧૪૦	૭૧.૭૮	૮.૬૦
૫૬	૫૧.૦૫	૬.૧૦	૧૪૧	૯૨.૯૬	૧૧.૨૦
૫૭	૫૧.૦૫	૬.૧૦	૧૪૨	૯૨.૯૬	૧૧.૨૦
૫૮	૫૧.૦૫	૬.૧૦	૧૪૩	૯૨.૯૬	૧૧.૨૦
૫૯	૫૧.૦૫	૬.૧૦	૧૪૪	૯૨.૯૬	૧૧.૨૦
૬૦	૧૩૪.૯૪	૧૬.૨૦	૧૪૫	૯૨.૯૬	૧૧.૨૦
૬૧	૧૩૪.૯૪	૧૬.૨૦	૧૪૬	૯૨.૯૬	૧૧.૨૦
૬૨	૫૧.૦૫	૬.૧૦	૧૪૭	૯૨.૯૬	૧૧.૨૦
૬૩	૫૧.૦૫	૬.૧૦	૧૪૮	૯૨.૯૬	૧૧.૨૦
૬૪	૫૧.૦૫	૬.૧૦	૧૪૯	૧૩૪.૯૪	૧૬.૨૦
૬૫	૫૧.૦૫	૬.૧૦	૧૫૦	૧૩૪.૯૪	૧૬.૨૦
૬૬	૫૧.૦૫	૬.૧૦	૧૫૧	૯૨.૯૬	૧૧.૨૦
૬૭	૫૧.૦૫	૬.૧૦	૧૫૨	૯૨.૯૬	૧૧.૨૦
૬૮	૫૧.૦૫	૬.૧૦	૧૫૩	૯૨.૯૬	૧૧.૨૦
૬૯	૫૧.૦૫	૬.૧૦	૧૫૪	૯૨.૯૬	૧૧.૨૦
૭૦	૫૧.૦૫	૬.૧૦	૧૫૫	૯૨.૯૬	૧૧.૨૦
૭૧	૫૧.૦૫	૬.૧૦	૧૫૬	૯૨.૯૬	૧૧.૨૦
૭૨	૫૧.૦૫	૬.૧૦	૧૫૭	૯૨.૯૬	૧૧.૨૦
૭૩	૫૧.૦૫	૬.૧૦	૧૫૮	૯૨.૯૬	૧૧.૨૦
૭૪	૫૧.૦૫	૬.૧૦	૧૫૯	૭૧.૭૮	૮.૬૦
૭૫	૫૧.૦૫	૬.૧૦	૧૬૦	૧૭૮.૨૦	૨૧.૪૦
૭૬	૫૧.૦૫	૬.૧૦	૧૬૧	૯૦.૦૯	૧૦.૮૦

કચેરીના હુકમ નાં. એનએ-લે.રે.કો.ક.-૬૫-કેસ નં. ૧૨૮/૨૦૦૧-૨૦૦૨ તા.૨૮-૩-૨૦૦૨ સાથે જોડવાનું પત્રક-૧

પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા	પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા
૭૭	૫૧.૦૫	૬.૧૦	૧૬૨	૯૦.૦૯	૧૦.૮૦
૭૮	૫૧.૦૫	૬.૧૦	૧૬૩	૯૦.૦૯	૧૦.૮૦
૭૯	૫૧.૦૫	૬.૧૦	૧૬૪	૯૦.૦૯	૧૦.૮૦
૮૦	૫૮.૫૯	૭.૦૦	૧૬૫	૯૦.૦૯	૧૦.૮૦
૮૧	૫૩.૪૬	૬.૪૦	૧૬૬	૯૦.૦૯	૧૦.૮૦
૮૨	૫૧.૦૫	૬.૧૦	૧૬૭	૯૦.૦૯	૧૦.૮૦
૮૩	૫૧.૦૫	૬.૧૦	૧૬૮	૯૦.૦૯	૧૦.૮૦
૮૪	૫૧.૦૫	૬.૧૦	૧૬૯	૧૩૦.૬૪	૧૫.૭૦
૮૫	૫૧.૦૫	૬.૧૦			

		ચો.મી.	આકાર રૂા. પૈ.
કુલ પ્લોટનું ક્ષેત્રફળ		૧૨૮૧૯.૭૫	૧૫૩૮.૦૦
આંતરિક રસ્તાનું ક્ષેત્રફળ		૩૭૫૧.૬૯	૪૫૧.૦૦
સાર્વજનિક પ્લોટનું ક્ષેત્રફળ		૧૮૪૧.૫૬	૨૨૧.૦૦
કુલ ક્ષેત્રફળ		૧૮૪૧૩.૦૦	૨૨૧૦.૦૦

રવાના કર્યું

મામલતદાર

બિનખેતી રાજકોટ જિલ્લા

સહી/- (પી.એન. પટેલ)

કલેકટર

રાજકોટ જિલ્લા

કલેકટર કચેરી રાજકોટ જિલ્લા